# POLITICAL SCIENCE

## PAPER–III

## OCT–11/11

Signature of Invigilators

1. ................................

2. ................................

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ................................

.............................................
(in words)

Name of the Areas/Section (if any).................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronic Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.
10. In case of any discrepancy in Gujarati and English version of Questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તર પોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તર પોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તર પોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.
૧૦. પ્રશ્નપત્રના પ્રશ્નોમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં કોઈ વિસંગતિ જોવા મળશે તો અંગ્રેજી અર્થને જ માન્ય ગણવામાં આવશે.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|
| 1. | | 11. | |
| 2. | | 12. | |
| 3. | | 13. | |
| 4. | | 14. | |
| 5. | | 15. | |
| 6. | | 16. | |
| 7. | | 17. | |
| 8. | | 18. | |
| 9. | | 19. | |
| 10. | | | |

Total Marks obtained ................................

Signature of the co-ordinator ....................
(Evaluation)

SEAL

## POLITICAL SCIENCE — રાજનીતિ વિજ્ઞાન

## PAPER III — પેપર III

*Note :* This paper contains **FOUR** Sections. You are required to attempt **ALL** of them.

નોંધ : આ પ્રશ્નપત્રમાં **ચાર** વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

### SECTION I
### વિભાગ I

*Note :* Section I has *two* questions, each to be answered in **500** words. Each question carries **20** marks. (Total marks : **40**)

નોંધ : વિભાગ I માં બે પ્રશ્નો આપેલા છે. પ્રત્યેકનો જવાબ ૫૦૦ શબ્દોમાં લખો. પ્રત્યેકના ૨૦ ગુણ છે. (કુલ ગુણ ૪૦)

1. Discuss the impact of behaviourism on Political Science.
વર્તનવાદના રાજયશાસ્ત્ર પરના પ્રભાવની ચર્ચા કરો.

***OR*** **(અથવા)**

Discuss the factors responsible for the decline of Parliamentary form of Government.
સંસદીય પ્રણાલીની સરકારની પડતી માટેના પરિબળોની ચર્ચા કરો.

2. "Caste-based pressure groups constitute an important factor in determining the behaviour of political parties." Evaluate this statement.
''જ્ઞાતિ આધારિત દાબજૂથો રાજકીય પક્ષોના વર્તનને અસર કરનાર એક મહત્વનું પરિબળ છે.'' આ વિધાનનું મૂલ્યાંકન કરો.

***OR*** (અથવા)

Discuss the nature and place of International Relations as a branch of Political Science.
રાજયશાસ્ત્રની એક શાખા તરીકે આંતરરાષ્ટ્રીય સંબંધોનું સ્થાન અને સ્વરૂપની ચર્ચા કરો.

## SECTION II

## વિભાગ II

*Note :* This section contains **10** units. There are **3** questions in each unit. Select any *one* unit and answer all the *three* questions of that unit. Word limit for each answer is **300** words. Each question carries **15** marks (Total marks : **45**).

**નોંધ :** આ વિભાગમાં ૧૦ એકમો છે. દરેક એકમમાં ૩ પ્રશ્નો છે. એક એકમ પસંદ કરો અને એ એકમના **ત્રણેય** પ્રશ્નોના જવાબ લખો. દરેકના ૩૦૦ શબ્દોમાં ઉત્તર લખો. દરેકના ૧૫ ગુણ છે. (કુલ ગુણ ૪૫)

### Unit I

### એકમ I

3. Distinguish empiricist political theory from normative political theory.
   અનુભવમૂલક અને આદર્શમૂલક રાજકીય સિદ્ધાંત વચ્ચે તફાવત કરો.
4. Analyze the key features of positive liberalism.
   વિધેયાત્મક ઉદારમતવાદના મુખ્ય લક્ષણોનું વિશ્લેષણ કરો.
5. What is Lenin's contribution to the Marxist theory of revolution ?
   લેનિને ક્રાંતિના માર્કસવાદી સિદ્ધાંતમાં શું યોગદાન આપ્યું ?

**OR (અથવા)**

### Unit II

### એકમ II

3. Write a detailed note on the theory of the origin and nature of the state proposed by Aristotle.
   એરિસ્ટોટલના રાજયની ઉત્પત્તિ અને સ્વરૂપ અંગેના સિદ્ધાંત પર વિગતે નોંધ લખો.
4. Examine Locke's concept of Natural Rights.
   લોકના પ્રાકૃતિક અધિકારોના ખ્યાલને તપાસો.
5. Critically discuss Sri Aurobindo's conception of Indian Nationalism.
   શ્રી અરવિંદની ભારતીય રાષ્ટ્રવાદની વિભાવનાનું સમીક્ષાત્મક વિશ્લેષણ કરો.

**OR** (અથવા)

**Unit III**

**એકમ III**

3. Discuss Marxist approach to comparative politics.
તુલનાત્મક રાજકારણનો માર્કસવાદી અભિગમ ચર્ચો.

4. What factors affect the electoral process in the developing countries ?
વિકાસશીલ દેશોમાં ચૂંટણીની પ્રક્રિયાને કયાં પરિબળો અસર કરે છે ?

5. Distinguish between judicial review and judicial activism.
ન્યાયીક સમીક્ષા અને ન્યાયીક સક્રિયતા વચ્ચે ભેદ પાડો.

**OR** (અથવા)

**Unit IV**

**એકમ IV**

3. What is political socialization ?
રાજકીય સામાજીકરણ એટલે શું ?

4. Discuss types of authority.
આધિપત્યના પ્રકારો ચર્ચો.

5. Examine Mosca's views on Political Elite.
રાજકીય અગ્રવર્ગ અંગેના મોસ્કાના વિચારો તપાસો.

**OR** (અથવા)

**Unit V**

**એકમ V**

3. Fundamental Rights and directive principles are the soul of Indian constitution." Discuss this statement.
''મૂળભૂત હકકો અને રાજયનીતિના દર્શક સિદ્ધાંતો ભારતના બંધારણના આત્મા સમાન છે.'' આ વિધાનની ચર્ચા કરો.

4. "Coalition governments at the centre have compromised the authority of the Prime Minister." Explain.
''કેન્દ્ર કક્ષાએ રચાતી મિશ્ર સરકારોએ વડાપ્રધાનના આધિપત્યને હોડમાં મૂકયું છે.'' સમજાવો.

5. Evaluate the role of Parliament as a rule-making body in the present times.
નિયમો ઘડનાર (rule-making) સંસ્થા તરીકે સંસદની ભૂમિકાનું વર્તમાન સંદર્ભમાં મૂલ્યાંકન કરો.

*OR* (અથવા)

**Unit VI**

**એકમ VI**

3. Explain the need for devolution of greater financial powers to local bodies.

   સ્થાનિક સંસ્થાઓને વધુ નાણાકીય સત્તાઓ આપવાની આવશ્યકતા સમજાવો.

4. Write a note on the role of Civil Society as a pressure group.

   નાગરિક સમાજ એક દાબજૂથ તરીકે શું ભૂમિકા ભજવે છે તેને વિશે નોંધ લખો.

5. "Growth of regional parties has an adverse impact on nation-building process." Analyse this statement.

   ''પ્રાદેશિક પક્ષો રાષ્ટ્ર ઘડતરની પ્રક્રિયા પર નકારાત્મક પ્રભાવ લાવે છે.'' આ વિધાનનું પૃથકકરણ કરો.

*OR* (અથવા)

**Unit VII**

**એકમ VII**

3. "Principles of organization are merely proverbs." Discuss.

   ''સંગઠનના સિદ્ધાંતો માત્ર કહેવતો છે.'' ચર્ચા કરો.

4. "Bureaucracy is a modern form of despotism." Evaluate.

   ''અમલદારશાહી એ આપખુદશાહીનું આધુનિક સ્વરૂપ છે.'' મૂલ્યાંકન કરો.

5. "The departmentally related standing committees ensure effective parliamentary control over financial administration." Explain.

   ''વિભાગ સાથે સંબંધિત સ્થાયી સમિતિઓથી સંસદનો નાણાકીય વહીવટ પર અસરકારક અંકુશ જળવાય છે.'' સમજાવો.

**_OR_ (અથવા)**

**Unit VIII**

**એકમ VIII**

3. "Public Administration in any country cannot be understood without grasping the social setting in which it operates." Discuss.
''કોઈપણ દેશના જાહેર વહીવટને તેના સામાજિક માળખાના સંદર્ભ વગર સમજી શકાય નહીં.'' ચર્ચો.

4. "In spite of liberalization and privatization, Public Enterprises are relevant in India." Analyse this statement.
''ઉદારીકરણ અને ખાનગીકરણ છતાં ભારતમાં જાહેર સાહસો પ્રસ્તુત છે.'' આ વિધાનનું વિશ્લેષણ કરો.

5. "Citizen's charter is one of the important steps in making bureaucracy responsive to citizen's needs." Explain.
''નાગરિક ચાર્ટર એ અમલદારશાહીને નાગરિકો તરફ જવાબદાર બનાવનાર મહત્વનું પગલું છે.'' સમજાવો.

**_OR_ (અથવા)**

**Unit IX**

**એકમ IX**

3. Discuss the ways in which UN Security Council can be reformed.
યુનોની સલામતી સમિતિને સુધારવાના માર્ગો ચર્ચો.

4. Discuss the importance of natural resources as a factor of national power in the present-day international politics.
રાષ્ટ્રીય સત્તાના પરિબળ તરીકે કુદરતી સંપત્તિનું મહત્વ વર્તમાન આંતરરાષ્ટ્રીય રાજકારણના સંદર્ભમાં ચર્ચો.

5. What are the various techniques of international conflict resolution ? Give some examples of their concrete use.
આંતરરાષ્ટ્રીય ઝઘડાઓ (સંઘર્ષો) ના ઉકેલ માટે કઈ પદ્ધતિઓ અપનાવાય છે ? આ પદ્ધતિઓના વ્યવહારમાં થયેલા ઉપયોગના ઉદાહરણો આપો.

**_OR_ (અથવા)**

**Unit X**

**એકમ X**

3. Discuss India's role in SAARC.
સાર્ક (SAARC) માં ભારતની ભૂમિકા ચર્ચો.

4. What role do the domestic factors play in the formulation and implementation of Indian foreign policy ?
ભારતની વિદેશનીતિના ઘડતર અને અમલમાં આંતરિક પરિબળો શું ભાગ ભજવે છે ?

5. Did the end of the cold war help or adversely affect India's foreign policy ?
શીત યુદ્ધના અંતથી ભારતની વિદેશનીતિને લાભ થયો છે કે નુકશાન થયું છે ?

**Q. No. 3. Unit ..................**

**Q. No. 4. Unit ....................**

**Q. No. 5. Unit ....................**

## SECTION III
## વિભાગ III

*Note :* This Section contains **9** questions. *All* questions are compulsory. Each question carries **10** marks. Word limit for each answer is **50** words. (Total marks : **90**).

નોંધ : આ વિભાગમાં ૯ પ્રશ્નો છે. બધા ફરજિયાત છે. દરેક પ્રશ્નના ૧૦ ગુણ છે. દરેક ઉત્તર ૫૦ શબ્દોમાં લખો. (કુલ ગુણ ૯૦)

6. Define the concept of philosopher King.
   'દાર્શનિક રાજયકર્તા' ની વ્યાખ્યા આપો.

7. Explain the meaning of radical humanism.
પ્રગતિશીલ માનવતાવાદ શું છે તે સમજાવો.

8. What is 'code of conduct' for civil servants ?
સનંદી સેવકોની 'આચાર સંહિતા' એટલે શું ?

9. Define structures and functions in comparative politics.
માળખાં અને કાર્યોની તુલનાત્મક રાજકારણના સંદર્ભમાં વ્યાખ્યા આપો.

10. Write about powers of state finance commission.
રાજયનાં નાણાપંચની સત્તાઓ કઈ છે ?

11. Define concept of underdevelopment.
'અલ્પવિકાસ' ના ખ્યાલની વ્યાખ્યા આપો.

12. Distinguish between political parties and pressure groups.
રાજકીય પક્ષો અને દાબજૂથો વચ્ચેનો ભેદ દર્શાવો.

13. What is BRICS ?
બ્રીક્સ (BRICS) શું છે ?

14. What is collective responsibility of cabinet ?
કેબિનેટની સામૂહિક જવાબદારી એટલે શું ?

## SECTION IV

## વિભાગ IV

*Note :* Read the passage given below and answer all the *five* questions. Each question carries **5** marks. (Total marks : **25**).

**નોંધ :** નીચે આપેલો ફકરો વાંચીને, **પાંચેય** પ્રશ્નોના જવાબ લખો. દરેકના ગુણ **૫** છે. (કુલ ગુણ ૨૫)

The end of colonialism in many parts of the world and consequent global migration patterns have meant that most states today are made up of different cultures. In fact, very few countries are now monocultural : Iceland and Japan are among the few examples. The term multiculturalism can refer to the fact of cultural diversity in countries ranging from the former Yugoslavia to the UK, and may also describe the coexistence of different kinds of cultural group within a country. Such groups can include those that seek to become separate nations (for example, the Catalans in Spain may be called national minorities), indigenous groups (for example, the Inuit, who are among the original inhabitants of Canada), voluntary immigrants (such as British Asians), religious groups (such as the Amish in the USA, who wish to remain separate from the rest of society), and involuntary migrants (such as political refugees). The presence of such groups in modern societies highlights the importance of cultural identity—that is, the inherited beliefs and practices that give a person a sense of who he or she is and where he or she has come from. On grounds of cultural identity, the groups above compaign for special rights, exemptions—

that is, claims that general laws that normally apply to everyone do not apply to them—or partial secession–that is, the voluntary decision of a group to break away from a larger nation, in order to rule itself. Multiculturalism is thus not only a descriptive term, but also a moral and political one. Examples of multicultural policies are the UK law that exempts Sikh policemen from wearing helmets and secession from the Canadian Government by the Québécois.

Most multicultural policies are the subject of heated controversy, because they depart from the notion of uniform citizenship.

વિશ્વમાં ઘણાં વિસ્તારોમાં, સંસ્થાનવાદના અંત અને તેના પરિણામરૂપે ઉદભવેલ વૈશ્વિક સ્થળાંતરના પ્રવાહોને કારણે, આજે મોટા ભાગનાં રાજ્યો વિવિધ સંસ્કૃતિઓનાં બનેલાં છે. વાસ્તવમાં, બહુ ઓછાં રાજ્યો હવે એક સંસ્કૃતિ ધરાવે છે : આઈસલેન્ડ કે જાપાન આવાં જૂજ ઉદાહરણો પૈકીનાં છે. બહુસંસ્કૃતિવાદ શબ્દ, પૂર્વ યુગોસ્લાવિયાથી માંડી યુ.કે. જેવા દેશોમાં વિદ્યમાન સાંસ્કૃતિક વૈવિધ્યને કે કોઈ એક દેશમાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક જૂથોના સહઅસ્તિત્વને વર્ણવે છે. આવાં જૂથોમાં જેઓ અલગ રાષ્ટ્ર બનવા માંગે છે તેવાં જૂથો (જેમ કે સ્પેનમાં જેમને રાષ્ટ્રીય લઘુમતી કહી શકાય તેવા કેટલાનો), આદિમ જૂથો (જેમ કે, કેનેડાના મૂળભૂત રહેવાસીઓ પૈકીના એવા ઈન્યૂઈટ લોકો), સ્વૈચ્છિક વસાહતીઓ (જેમ કે બ્રિટનના એશિયન લોકો), ધાર્મિક જૂથો (જેમ કે, બાકિના સમાજથી જે અળગો રહેવા માગે છે તેવો યુ.એસ.એ. નો એમિશ સમુદાય) અને જેમને દેશાંતર કરવાની ફરજ પાડવામાં આવી છે તેવા લોકો (જેમ કે રાજકીય શરણાર્થીઓ) નો સમાવેશ થાય છે. આધુનિક સમાજોમાં આવાં જૂથોની હાજરીથી સાંસ્કૃતિક ઓળખનું મહત્વ પ્રસ્થાપિત થાય છે : સાંસ્કૃતિક ઓળખનો મતલબ કે પોતે કોણ છે અને કયાંથી આવ્યો છે તેની સમજ આપતી વ્યક્તિને વારસામાં મળેલી માન્યતાઓ અને વ્યવહારો. સાંસ્કૃતિક ઓળખના આધારે આવાં જૂથો વિશિષ્ટ અધિકારો, છૂટછાટો (એટલે કે એવો દાવો કે જે સામાન્ય કાયદાઓ જે તમામને લાગુ પડે છે એમાંથી એમને મુક્ત રાખવામાં આવે) અથવા આંશિક વિચ્છેદન

(એટલે કે વીસ્તૃત રાષ્ટ્રથી અલગ થઈ જવાનો કોઈ જૂથનો સ્વૈચ્છિક નિર્ણય) માટે ચળવળ કરે છે. આમ બહુસંસ્કૃતિવાદ માત્ર વર્ણનાત્મક શબ્દ જ નથી પરંતુ રાજકીય અને નૈતિક પણ છે. બહુસંસ્કૃતિવાદનાં ઉદાહરણ રૂપે યુ.કે. નો કાયદો જે શીખ પોલીસકર્મીઓને હેલ્મેટ પહેરવામાંથી મુક્તિ આપે છે કે કેનેડાની સરકારમાંથી છૂટા થયેલા કયુબેકોઈસને ગણાવી શકાય. મોટા ભાગની બહુસંસ્કૃતિવાદી નીતિઓ ઉગ્ર વિવાદનો વિષય બની રહે છે કારણ કે તેઓ સમાન નાગરિકતાના સિદ્ધાંતથી અલગ પડે છે.

15. What does the author mean by the term 'Multiculturalism' ?

બહુસંસ્કૃતિવાદ શબ્દનો અર્થ લેખક શું કરે છે ?

16. Why are cultural identities important in modern societies ?

આધુનિક સમાજમાં સાંસ્કૃતિક ઓળખ શા માટે મહત્વની છે ?

17. Does the author favour separate nations for cultural groups ? Give reasons for your answer.
સાંસ્કૃતિક જૂથો માટે અલગ રાષ્ટ્રો હોવાને લેખક જરૂરી માને છે ? તમારા ઉત્તર માટે કારણો આપો.

18. Why is multiculturalism a moral and a political term ?
બહુસંસ્કૃતિવાદને નૈતિક અને રાજકીય શબ્દ તરીકે કેમ ગણવો જોઈએ ?

19. Can multiculturalism and uniform citizenship co-exist ? What are the author's view on this ?
બહુસંસ્કૃતિવાદ અને એકરૂપ નાગરિકતા સહઅસ્તિત્વ ધરાવી શકે ? લેખકના આ અંગેના વિચારો શું છે ?

59

ROUGH WORK

SEAL